સાબરકાંઠામાં વરસાદનું હેત, પોશીના ૨ ઈંચ, ઈડર-હિંમતનગર દોઢ ઈંચ

અસહ્ય ઉકળાટ પછી રાહત, ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર ૩ ઈંચ વરસાદ

સરડોઈમાં અડધો કલાકમાં એક ઇંચ વરસાદ

મોડાસાના સરડોઈમાં બપોરે દિવસભરના ઉકળાટ પછી અડધો કલાકમાં એક ઈંચ વરસાદ વરસી પડયો હતો. ડુંગરના પાણી ગામના મુખ્ય બજારમાં ધસમસતી રીતે વહેતાં થતાં રાહદારી અને વાહનચાલકોને ફરજિયાત સલામત જગ્યાએ થોભી જવાની ફરજ પડી હતી. સરડોઈ અને તેના આસપાસના ગામડાઓમાં ભાદરવાના આરંભથી સંતોષકારક વરસાદ વરસી રહ્યો હોવાથી ખેડૂતો અને પ્રજામાં આનંદ છવાયો છે. આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા પછી ભારે મેઘગર્જના સાથે સરડોઈ અને મેઠાસણ વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી પડયો હતો. સરડોઈમાં જાણે કે આભ ફાટ્યું હોય એમ એક ઈંચથી વધુ વરસાદ વરસતા ચારેકોર જળતરબોડની સ્થિતિ જોવા મળી હતી .

બાયડ, તા. ૨૬

સાબરકાંઠામાં વરસાદનું હેત જોવા મળ્યુ છે. પાછલા ૨૪ કલાકમાં પોશીનામાં ૨ ઈંચ, હિંમતનગર-ઈડરમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે, જ્યારે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સાંબેલાધાર ૩ ઈંચ વરસાદ વરસતાં ખેતરોમાં પાણી ભરાયા હતા.

જિલ્લામાં વરસાદની ઘટ વધી રહી છે. આવા સંજોગોમાં ધોધમાર વરસાદ વરસે અને જળાશય-તળાવ છલકાઈ જાય તે જોવા ખેડૂતો અધધીરા છે.

પરંતુ પાછલા ૪ દિવસમાં બફારો-ઉકળાટ વધતાં ખેડૂતો ચિંતામાં હતા. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કરી હતી ત્યારે પાછલા ૨૪ કલાકમાં સાબરકાંઠાના ૩ તાલુકામાં દોઢથી ૨ ઈંચ વરસાદ વરસતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જિલ્લાના શહેરી વિસ્તારોમાં વરસાદના ૮મા રાઉન્ડમાં પણ પ્રિ-મોન્સુન પ્લાનનું બાળ મરણજોવા મળ્યું. જ્યારે અરવલ્લી જિલ્લામાં માત્ર વરસાદના હળવાં-ભારે ઝાપટાં વરસ્યા હતા જેના કારણએ બફારામાં પિશાતી પ્રજાને રાહત થઈ હતી. આગામી ૪ દિવસ હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અરવલ્લીના ભિલોડામાં ૨૪ કલાકમાં ૬૯ મીમી જેટલો વરસાદ ખાબક્યો

છેલ્લા એક સપ્તાહથી ઉત્તર ગુજરાત સહિત અરવલ્લીમાં મેઘરાજા મહેરબાન થયા છે. દુષ્કાળની સ્થિતિ વચ્ચે મેઘો મહેરબાન થતાં સમગ્ર પંથકમાં આનંદની લાગણી છવાઈ છે. ત્યારે અરવલ્લીના ભિલોડા પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૬૯ મીમી વરસાદ પડ્યો હતો. જેના કારણે નદી નાળામાં નવા નિરની આવક થઈ હતી. વરસાદના પગલે અનેક ડીપ બ્રિઝ પણ પાણીમાં ગરકાવ થયા હતા.

અરવલ્લીમાં મેઘરાજાની ધમાકેદાર બેટીંગને પગલે મેશ્વો, માઝુમ સહિતની નદીઓમાં નવા નીર આવ્યા હતા. કોરી બની ગયેલી નદીઓમાં પાણીની આવક થતાં લોકોમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભિલોડા પંથકમાં સૌથી વધુ ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે મોડાસા, માલપુર અને ધનસુરામાં એકથી બે ઈંચ વરસાદ પડ્યો હતો. મોડી રાત્રિથી શરૂ થયેલ વરસાદને પગલે નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર બન્યા હતા. જ્યારે અનેક ખેતરો પણ તળાવ જેવા દેખાતા હતા. જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી શરૂ થયેલ વરસાદને પગલે જળાશયો તેમજ તળાવોમાં પણ પાણીની આવક થઈ છે. જો આવો જ વરસાદ પડતો રહેશે તો આગામી ઉનાળા દરમિયાન જિલ્લાવાસીઓને પાણીની મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે તેવી આશા સેવાઈ રહી છે. જો કે હવામાન વિભાગ દ્વારા હજુ આગામી પાંચ દિવસ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.

વરસે તો વાગડ ભલો : મોડાસા શહેર સહિત અરવલ્લીમાં મેઘરાજાની ધબધબાટી, કાળા ડિબાંગ વાદળો કડાકા-ભડાકાએ ભય સર્જ્યો

પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં કેન્દ્રીત થયેલા સાયકલોનીક સર્કયુલેશન અસર તળે સૌરાષ્ટ્ર- ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં વાતવરણમાં એકાએક પલ્ટો આવવાની સાથે કાળા ડિબાંગ વાદળો ધસી આવતા વાતાવરણમાં અંધકારમય બની વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાનું આગમન થયું હતું મોડાસા શહેરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા શહેરમાં ઢીંચણ સમા પાણી ભરાયા હતા નગરપાલિકા પ્રિમોન્સુન પ્લાન કાગળ પર રહ્યો હોય તેવી સ્થીતી જોવા મળી હતી ગ્રામ્ય વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદના પગલે ખેતીમાં નુકશાન થવાની દહેશત પેદા થતા ખેડૂતો ચિંતીત બન્યા છે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહત અનુભવી હતી.

મોડાસા શહેરમાં મેઘરાજાએ એક કલાકમાં તોફાની બેટીંગ કરતા ઠેર ઠેર પાણી ભરાતા લોકો મરઘરાજાનું રૌદ્ર સ્વરૂપ નીહાળી ભયભીત બન્યા હતા મોડાસા શહેરમાં એક કલાકમાં બે ઈંચ જેટલા ભારે વરસાદને પગલે રોડ ઉપર પાણી ફરી વળ્યાં હતા. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા તંત્રની પ્રિ-મોન્સુનની પોલ ખોલી નાંખી હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને અસહ્ય ઉકળાટથી રાહ મળી હતી. શહેરના નિચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા અને જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પકડયો હતો ખાસ કરીને શહેરના ચાર રસ્તા, જુના બસ સ્ટેન્ડ પાછળ, કેદારનાથ સોસાયટી અને લઘુમતી વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા શહેરીજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો શહેરના મુખ્ય અને સોસાયટીના માર્ગો પર પાણી ફરી વળતા કેટલાક નાના વાહન બંધ પડી ગયા હતા રવિવારે બપોરે વીજળીના કડાકા ભડાકા ગાજવીજ સાથે વરસાદ પડયો હતો તેથી મગફળીના પાકોને જીવતદાન મળ્યું હતું, અનેક ખેતરોમાં પાણી ભરાયા હતા

દેરોલના જૈન દેરાસરમાં તસ્કરોને દલ્લો મળ્યો

૬ લાખના દાગીના-રોકડ લઈ ફરાર : તસ્કરોનું નસીબ વાંકુ - સી.સી. ટી.વી. કેમેરામાં કેદ

બાયડ, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ જૈન મંદિરમાં ત્રાટકેલા તસ્કરોને દલ્લો મળ્યો હતો. દેરાસરમાં મૂર્તિ ઉપર શૃંગાર સજેલા છત્ર, મુગટ સહીત અંદાજીત રૂ. ૬ લાખની મત્તા લઈ ફરાર થઈ ગયા પરંતુ તસ્કરોનું નસીબ વાંકુ હોય તે રીતે ૨ યુવા તસ્કરો સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ જતાં ખેડબ્રહ્મા પોલીસ દ્વારા બન્નેની શોધ શરૂ કરી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમણ પછી દેવ મંદિર, દેરાસરમાં ભક્તો-દર્શનાર્થીઓની સંખ્યા વધતાં હવે તસ્કર ગેંગ

સક્રીય થઈ છે. ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામના જૈન દેરાસરમાં તા. ૨૪-૨૫ની મધ્યરાત્રીએ તસ્કરો પ્રવેશ્યા હતા. જેમાં મૂર્તિ ઉપર મુકેલ છત્ર, કળશ તેમજ ચાંદી અને સોનાના દાગીના તેમજ દાનપેટીમાંથી રોકડ રકમ લઈ બિન્દાસ પલાયન થઈ ગયા હતા. સવારે મંદિરના પૂજારીએ જોયુ તો દાગીના ગાયબ હતા જેથી ટ્રસ્ટીઓને જાણ કરવામાં આવી અને ખેડબ્રહ્મા પી.એસ.આઈ.ને જાણ કરતાં તુરત તસ્કરી સ્થળે દોડી આવ્યા હતા. લાખો રૂપિયાની મત્તા ચોરાતા હિંમતનગરથી ડૉગ સ્કવોર્ડ બોલાવવામાં આવી અને ત્યારબાદ એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવી. જ્યારે દેરાસરમાં લાગેલા સી.સી. ટીવી કેમેરા ચાલુ હોવાનું જણાતાં પોલીસ માટે તસ્કરીનો ભેદ ઉકેલવો આસાન બન્યો. સી.સી. ટી.વી. ચકાસતા રાત્રીના સમયે દેરાસરમાં ૨ તસ્કરો પ્રવેશ્યાનું જણાઈ આવતાં પોલીસ દ્વારા બાતમીદારોને કામે લગાડી તેમની ઓળખ શોધવાના પ્રયાસ શરૂ કર્યા છે.

બુટલેગરને મોહપાશમાં લેવાનો પેતરો..!!

બાયડ પોલીસ સ્ટેશનમાં ભુવાના આંટાફેરાથી આશ્ચર્ય : સી.સી.ટી.વી. કેમેરા ચેક થાય તો સચોટ વિગત બહાર આવે

બાયડ, તા. ૨૬

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂનાં હાટડાં ધમધમી રહ્યા છે ત્યારે એલ.સી.બી., વિજીલન્સ સાથે ઘરોબો કેળવતો બુટલેગર વહીવટદારોને ગાંઠતો ન હોવાથી તંત્ર મોહપાશમાં લેવાની ગરમાગરમ લોકચર્ચા થઈ રહી છે અને તે માટે બાયડ પોલીસ સ્ટેશનમાં ભુવાના નિયમીત આંટાફેરાએ ખુદ પોલીસ કર્મીઓને વિચારતા કરી મુક્યા છે.

જિલ્લામાં બાયડ તાલુકામાં દારૂબંધી માત્ર કાગળ ઉપર ચાલી રહી છે. બાયડ-આંબલિયારા-સાઠંબા પોલીસ સ્ટેશનની હદમાં ૩૫ થી વધુ દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમે છે. થાના અમલદારોએ પોતાના ખાસ માણસોને દારૂના અડ્ડા જે બીટમાં છે ત્યાં ગોઠવી દીધા છે અને પછી શરૂ થાય છે ખિસ્સા ભરવાનો ખેલ, બાયડ ટાઉનમાં પરોઢે ૪ થી રાત્રે ૧૨ સુધી વિદેશી-દેશી દારૂની હેરાફેરી થાય છે. પરંતુ પોલીસ હપ્તારાજના દબાણમાં છાવરતી હોવાના લોક આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે કહેવાય છે કે અનેક પોલીસ અધિકારીનો ખાસ બનેલો નામચીન બુટલેગર સ્થાનિક પોલીસને ગાંઠતો નથી અને તેના ધંધાની આવક જાણી પોલીસે ખિસ્સા ભરવાનો પેતરો રચ્યો પણ ફાવટ નથી આવતી એટલે એક ભુવાને સાધવામાં આવ્યો છે. ટાઉનના કયા કિમીયાગરના કહેવાથી ભુવો પોલીસ સ્ટેશનના ચક્કર કાપી રહ્યો છે તે પણ રહસ્ય છે. જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તા. ૨૪-૨૫ સપ્ટેમ્બરના બાયડ પોલીસ સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારના સી.સી. ટીવી ફૂટેજ ચકાસે તો કેટલીક વિગતો સનસનાટી મચાવી શકે છે.

મામાપીપળામાં આદિવાસી ટોળાનું ચડોતરૂ થતાં ભયનો માહોલ : મકાનોમાં તોડફોડ

પરીવાર જીવ બચાવવા નાસી છુટ્યો

બાયડ, તા. ૨૬

પોશીના તાલુકાના મામાપીપળા ગામે આદિવાસી ટોળા હિંસક ટોળાએ ગતરોજ ચડોતરૂ કરતાં સમગ્ર પંથકમાં ભય વ્યાપ્યો છે. ઝનુની ટોળાએ મકાનોમાં તોડફોડ કરી મુંગા પશુઓની લૂંટ ચલાવી હોવાની ઘટનાથી પોલીસતંત્ર દોડતુ થયુ છે. અકસ્માતમાં થયેલ મૃત્યુનો વહેમ રાખી ચડોતરૂ કરવામાં આવતાં પોલીસનો બંદોબસ્ત છતાં પરિવાર જીવ બચાવવા માટે નાસી છુટ્યો છે.

ચડોતરાની પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના મામાપીપળા ગામના તોરાભાઈ પરમારના પુત્રનું થોડા સમય અગાઉ અકસ્માતમાં મૃત્યુ થયુ હતુ. જેમાં હત્યાનો વહેમ રાખવામાં આવ્યો હતો.

ચડોતરાના આરોપી

જોરાભાઈ ફતાભાઈ પરમાર
લુંલાભાઈ ફતાભાઈ પરમાર
રાવજીભાઈ અણદાભાઈ પરમાર
સમીયાભાઈ જોરાભાઈ પરમાર
નાંનાભાઈ અણદાભાઈ પરમાર
રાવતાભાઈ ભાટમાભાઈ પરમાર
લાલાભાઈ સબુદાભાઈ પરમાર
ગેગાબેન ફતાભાઈ પરમાર
ગલતીબેન ફતાભાઈ પરમાર
મણકિબેન ફતાભાઈ પરમાર
લુંગીબેન જોટાભાઈ પરમાર
તમામ રહે, મામાપીપળા, તા. પોશીના

ગામના ધર્માભાઈ ભગોરાના પરિવારજનો ઉપર ખોટો વહેમ રાખવામાં આવતાં સામાજીક રીતે સમાધાનના પ્રયાસ કરવામાં આવ્યા હોવા છતાં ગતરોજ ટોળા દ્વારા ચડોતરૂ કરવામાં આવ્યુ હતુ અને મકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ ખેતરમાં ઉભા પાકનું ભેલાણ કરી હલ્લાબોલ કરતાં નાસભાગ મચી હતી. ઘાતક હથિયારો સાથે ઘસી આવેલા ચડોતરામાં મારો કાપોની કીકીયારીઓથી ભગોરા પરીવારના સભ્યો ભયથી થરથર કાપી રહ્યા છે. પોલીસ તાબડતોબ દોડી ગઈ હોવા છતાં હજુય ફરીથી હુમલો થવાના ડરથી પરીવાર અન્ય જગ્યાએ નાસી છુટ્યો છે. આદિવાસી સમાજના પરંપરાગત ચડોતરામાં હજુ પણ મોટો ભડકો થવાની દહેશતને પગલે પોલીસને ભર ચોમાસે પસીનો છુટ્યો છે.

અરવલ્લીમાં અનોખી સરકારી પ્રાથમિક શાળા

ધનસુરાની દેવીપૂજક પ્રાથમિક શાળા કાચા છાપરામાં ગરીબ પરીવારના બાળકો ભણે, સામે કોઈ જોતુ જ નથી

ઓરડો મંજૂર થયાના ૨ વર્ષ પછી પાયો પણ ખોદાયો નથી

હિંમતનગર, તા. ૨૬

રાજ્ય સરકાર દ્વારા ગામે ગામ સુવિધાયુક્ત સરકારી પ્રા. શાળાઓના નિર્માણ

કરી ડ્રોપ આઉટ રેટ ઘટાડ્યો છે પરંતુ અરવલ્લી જિલ્લામાં અનોખી સરકારી પ્રા. શાળાની દાસ્તાન સામે આવી છે. ધનસુરા તાલુકાના જાલમપુરા ગામ નજીક દેવીપૂજક સરકારી પ્રા. શાળા આવેલી છે. સરકારી બાબુઓ ત્યાં ગરીબ બાળકો ભણતા હોવાથી વધુ ધ્યાન આપતા નથી. જેથી ૩૨ બાળકોને બારેમાસ ઝૂંપડામાં બેસીને ભણવાની નોબત આવી છે. જવાબદાર તંત્રની ઘોર બેદરકારીથી ગરીબ પરિવારની કન્યાઓ સુવિધાના અભાવે પ્રા. શાળાનું ભણતર છોડી દે તેવી ભીતિ છે.

રાજ્યના તત્કાલીન શિક્ષણમંત્રી જે તાલુકાની પાછલા ૩ વર્ષમાં ૨ મુલાકાત કરી તેનાથી માત્ર ૭ કિ.મી. દૂર આવેલી દેવીપૂજક પ્રા. શાળામાં અભ્યાસ કરતા ગરીબ બાળકો કેવી સ્થિતિમાં અભ્યાસ કરે છે તે જોવાની તસ્દી લીધી નથી. પૂર્વ શિક્ષણ મંત્રીને કોઈના ઈશારે બોર્ડ પરીક્ષામાં ગરીબ વિદ્યાર્થીઓ કેવી રીતે પરેશાન થાય તે જ જોયું !! પરંતુ સમય સમય બળવાન છે જે અત્યારે આખુ ગુજરાત જોઈ રહ્યુ છે. નવા શિક્ષણમંત્રી, ગરીબોની પીડા સમજવાની સામર્થ્યતા છે તે જીતુભાઈ વાઘાણી હવે ગરીબ પરીવારના બાળકો જે સરકારી શાળામાં અભ્યાસ કરે છે ત્યાં પાકુ છત્ર આપશે તેવી શ્રદ્ધા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર શિક્ષણ વિભાગની કચેરીમાં શાળાના નવીન મકાન માટે વારંવાર રજૂઆત છતાં ટી.પી.ઓ. કે ડી.પી.ઓ.એ કંઈ સાંભળ્યુ નથી. જેથી મચ્છર, કિડી, મકોડા, હોય તેવા ઝુંપડામાં ૩૨ ગરીબ બાળકોને ભણવાની નોબત આવી છે. લોક પ્રતિનિધીઓ પણ મત લઈને ગાયબ થઈ ગયા તેમને પણ ગરીબ બાળકોની કારકિર્દીમાં કોઈ રસ નથી. ત્યારે રાજ્યના નવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી છેલ્લા ૨ વર્ષથી શાળાના બાંધકામની ખોરંભે પડેલી ફાઈલ ખોલાવી ગરીબ બાળકોના અભ્યાસ માટે સુવિધાયુક્ત સરકારી પ્રા. શાળાનું કામ શરૂ કરાવે તેવી અપેક્ષા રાખી બેઠા છે.

વારંવાર રજૂઆત, કોઈ સાંભળતુ નથી : સામાજીક કાર્યકર

આ વિસ્તારના સામાજીક કાર્યકર પરષોત્તમદાસ એલ. પટેલ જણાવે છે કે વર્ષ ૨૦૧૯માં દેવીપૂજક સરકારી પ્રા. શાળા માટે એક ઓરડો મંજૂર થયાનું મે સાંભળ્યુ હતુ પરંતુ આજદિન સુધી ઓરડો તો ઠીક પરંતુ એક ઈંટ પણ મુકાઈ નથી. કેન્દ્ર-રાજ્ય સરકાર ગરીબ પરીવારના બાળકો સારૂ ભણે તે માટે શિક્ષણની ભૌતિક વ્યવસ્થા પાછળ કરોડો રૂપીયા વાપરે છે તો જાલમપુરા નજીક આવેલ દેવીપૂજક પ્રા. શાળા માટે કેમ રાજ્ય સરકાર શિક્ષણ વિભાગ ઓરમાયુ વર્તન રાખે છે તેવો સણસણતો સવાલ કર્યો છે.